# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1. વિકસિત ભારત સંકલ્પ સભાને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે લોકોનો વિશ્વાસ અને લાખો પાર્ટી કાર્યકરોનું સમર્પણ તેમની શક્તિનો સૌથી મોટો સ્ત્રોત રહ્યો.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સમગ્ર વિશ્વની નજર આજે ભારતના વિકાસ પર કેન્દ્રીય થઇ છે.
3. સાડા ત્રણ વર્ષ બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો.. શેરબજારમાં કડાકો.
4. CBIએ પંજાબના મુખ્યમંત્રીના OSD રાજબીર ખુમાન અને તેમના સહયોગીઓ વિરુદ્ધ ગેરરીતી આચરવાની ફરિયાદ દાખલ કરી.
5. રશિયાના દરિયામાં તેલ ટેન્કર પર થયેલા યુક્રેનિયન ડ્રોન હુમલામાં 23 ભારતીય ક્રૂ સભ્યોને બચાવાયા.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# REV PM - VIKSIT BHARAT SANKALP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે લોકોનો વિશ્વાસ અને લાખો પાર્ટી કાર્યકરોનું સમર્પણ તેમની શક્તિનો સૌથી મોટો સ્રોત રહ્યો છે. આજે નવી દિલ્હીમાં વિકસિત ભારત સંકલ્પ સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, તેમણે આજે સવારે શ્રી વિનાયક મંદિરની મુલાકાત લીધી અને દેશ અને તેના 140 કરોડ નાગરિકો માટે પ્રાર્થના કરી.તેમણે કહ્યું કે 25 વર્ષથી વધુ સમયથી સંચિત લોકોનો વિશ્વાસ અને આ સમયગાળા દરમિયાન મેળવેલ અનુભવ એક મહાન સંપત્તિ છે.

(BYTE - PM--PEOPLE-TRUST)

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત માટે વિશાળ લક્ષ્યો નક્કી કરવાનો આ સમય છે. તેમની સમગ્ર રાજકીય સફર નાગરિકોના અતૂટ વિશ્વાસ અને સમર્થનને આભારી છે, શ્રી મોદીએ કહ્યું કે વર્તમાન સરકારની નીતિ તમામ નાગરિકોના વિકાસ પર કેન્દ્રીય છે.

(BYTE - PM-TARGETS)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત, હવે તેની વધતી જતી શક્તિ અને સ્થિતિસ્થાપકતા માટે વધુને વધુ ચર્ચામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા 12 વર્ષોમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. સમગ્ર વિશ્વની નજર આજે ભારતના વિકાસ પર મંડાયેલી છે.

(BYTE - PM-MODI--MADE-IN-INDIA)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જમ્મુકાશ્મીરમાં આતંકવાદને કાબૂમાં લેવામાં આવ્યો અને નકસલવાદગ્રસ્ત રાજ્યોમાં પણ હવે શાંતિ સ્થપાઇ છે.

# HM SHAH PM

ગૃહમંત્રી અમિત શાહે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે જણાવ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે, શ્રી મોદીએ જ્યોતિગ્રામ યોજના દ્વારા ભૂકંપગ્રસ્ત કચ્છનું પુનર્નિર્માણ કર્યું, સૌર ઉર્જા અને વાઇબ્રન્ટ ગુજરાત દ્વારા દરેક ગામમાં 24 કલાક વીજળી પહોંચે તે સુનિશ્ચિત કર્યું. શ્રી મોદીએ રોકાણ અને ઉદ્યોગને નવી દિશા આપી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં, લોકસભા અધ્યક્ષે જણાવ્યું કે ગુજરાતના મુખ્યમંત્રીથી દેશના પ્રધાનમંત્રી સુધીની શ્રી મોદીની સફર રાષ્ટ્ર, સુશાસન અને જન કલ્યાણ પ્રત્યે તેમનું સમર્પણ દર્શાવે છે. શ્રી બિરલાએ પ્રધાનમંત્રી શ્રી મોદીને સારા સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને સતત સક્રિય જીવનની શુભેચ્છા પાઠવી હતી.

# SHAH - PM 25 YEARS

ગૃહમંત્રી અમિત શાહે આજે  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ થવા પર અભિનંદન પાઠવ્યા અને તેને ઐતિહાસિક દિવસ ગણાવ્યો. આજે ગુરુગ્રામમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા - સેવા જ્યોતિ યાત્રા' ને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કલમ 370 નાબૂદ કરવા, નક્સલવાદનો નાશ કરવા અને દેશના માળખાગત સુવિધાઓને ઉચ્ચતમ સ્તર સુધી પહોંચાડવા સહિત મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થયું છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આ અભિયાનના ભાગ રૂપે, સેવા જ્યોત યાત્રાનું  આયોજન કરવામાં આવી રહ્યું છે દરેકને યાત્રામાં જોડાવા શ્રી શાહે લોકોને અપીલ કરી.

(BYTE – AMIT SHAH)

# PM - ARTICLE ASHOK GULATI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કૃષિ અર્થશાસ્ત્રી અશોક ગુલાટી દ્વારા ભારતના કૃષિના પરિવર્તન પર લખાયેલો એક લેખ શેર કર્યો છે. આ લેખમાં ગુજરાતના કૃષિ પરિવર્તનથી લઈને ભારતીય કૃષિના વ્યાપક પરિવર્તન સુધીના પ્રધાનમંત્રી મોદીના 25 વર્ષના પ્રવાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ લેખમાં ઉત્તમ સિંચાઈ, વિશ્વસનીય વીજળી, ગ્રામીણ રસ્તાઓ, ટેકનોલોજી અને બજારની પહોંચથી ખેડૂતોની ઉત્પાદકતા અને આવકમાં વધારો થયો તેની રૂપરેખા આપવામાં આવી છે.

રાષ્ટ્રીય સ્તરે, આ અભિગમ ખેડૂત સહાય, વૈવિધ્યકરણ અને વધુ સારા ગ્રામીણ માળખાગત સુવિધાઓને દિશામાન કરવા માટે વિસ્તૃત થયો હોવાનો આ લેખમાં ઉલ્લેખ કરાયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM JAHER SEVA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. "જાહેર સેવા દ્વારા રાષ્ટ્રની સેવા" ના મંત્ર દ્વારા માર્ગદર્શન અને સુશાસન દ્વારા સરકાર 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકર કરવાના અથાગ પ્રયાસ કરી રહ્યું છે

આજે, અમારી ખાસ શ્રેણીમાં, આપણે જાણીશું કે ગોવાના સાગરમાલા કાર્યક્રમે આ વિઝનને કેવી રીતે સાકાર કર્યું છે.

## [CAPSULE- SIMPLE THAKKAR]

*ભારતનો દરિયાઈ વિસ્તાર દેશના વેપારનો મુખ્ય આધાર રહ્યો છે. ૧૧,૦૦૦ કિલોમીટરથી વધુ લાંબા દરિયાકિનારા, લગભગ ૧૪,૫૦૦ કિલોમીટરના સંભવિત જળમાર્ગો અને મુખ્ય આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગો પર વ્યૂહાત્મક સ્થાનનો ઉપયોગ કરવા માટે, સરકારે ૨૦૧૫માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સાગરમાલા કાર્યક્રમ શરૂ કર્યો હતો.*

*આ કાર્યક્રમનો ઉદ્દેશ બંદરોનું આધુનિકીકરણ, કનેક્ટિવિટીમાં સુધારો, દરિયાકાંઠાના શિપિંગને પ્રોત્સાહન અને દરિયાકાંઠાના સમુદાયોને મજબૂત બનાવીને બંદર-સંચાલિત વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાગરમાલા યોજના થકી આર્થિક વિકાસ અને વિકાસને આગળ વધારવા માટે ભારતની દરિયાઈ ક્ષમતાનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો છે.*

*BYTE: PM NARENDRA MODI*

*મજબૂત દરિયાઈ વારસો, વ્યાપક જળમાર્ગો અને મોર્મુગાઓ બંદર ધરાવતા રાજ્ય ગોવા માટે, સાગરમાલા બંદર માળખાગત સુવિધાઓ, આંતરદેશીય જળમાર્ગો અને ક્રુઝ પર્યટનને મજબૂત બનાવીને નવી તકો ઊભી કરી રહી છે.*

*ગોવાએ અત્યાર સુધીમાં 840 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે 10 સાગરમાલા પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે. આ પ્રોજેક્ટ્સ દરિયાઈ માળખાને મજબૂત બનાવી રહ્યા છે અને રાજ્યભરમાં કનેક્ટિવિટીમાં સુધારો કરી રહ્યા છે.98 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથેના અન્ય બે પ્રોજેક્ટ્સ હાલમાં અમલમાં છે.આ પહેલો ક્રુઝ પર્યટન અને વ્યાપક દરિયાઇ વેપારને વેગ આપશે.*

*સાગરમાલા બંદર આધુનિકીકરણ અને વ્યાપક દરિયાઇ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ગોવા તેના બંદરો અને જળમાર્ગોની સંભાવનાનો વધુ ઉપયોગ કરી રહ્યું છે. આ પ્રયાસો રાજ્યના દરિયાઇ ઇકોસિસ્ટમને મજબૂત બનાવી રહ્યા છે અને 2047 સુધીમાં વિકાસ ભારતના વિશાળ વિઝનમાં ફાળો આપી રહ્યા છે.*

*પણજી થી મહેશ ચોપડે સાથે સિમ્પલ ઠક્કર આકાશવાણી અમદાવાદ*

# RBI-25 POINTS

લગભગ સાડા ત્રણ વર્ષ પછી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ આજે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે વધતા ફુગાવાને કાબુમાં લેવા માટે મુખ્ય બેન્ચમાર્ક રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરીને 5.5 ટકા કર્યો છે.

દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતા, RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય નીતિ સમિતિ (MPC) એ સર્વાનુમતે પોલિસી રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લો રેપો રેટ વધારો ફેબ્રુઆરી 2023 માં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરીને 6.50 ટકા કરવામાં આવ્યો હતો. 2025 માં રેટ-કટ ચક્રની શરૂઆત કરતા પહેલા 2023-24 સુધી દર યથાવત રહ્યા હતા.

# STOCKS 1200

ભારતીય શેર બજારમાં આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં  ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા છે. છેલ્લા અહેવાલો મળ્યા ત્યારે સેન્સેક્સમાં 500 થી વધુ અને નિફ્ટીમાં 200 થી વધુ પોઈન્ટનો ઘટાડો  જોવા મયો હતો. ક્ષેત્રીય મોરચે, ઓટો, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે બેંકિંગ અને ફાઇનાન્શિયલ સર્વિસિસે વલણને ટક્કર આપી હતી.

# PUNJAB – CBI

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન CBIએ પંજાબના મુખ્યમંત્રીના OSD રાજબીર ખુમાન અને તેમના સહયોગીઓ વિરુદ્ધ ટ્રાન્સફર માટે રોકડ અને IAS અને IPS રેન્કના અધિકારીઓ સહિતના અધિકારીઓની પોસ્ટિંગમાં હેરાફેરી કરવાના કેસમાં FIR નોંધી છે.

ઉપરાંત ચંદીગઢ, મોહાલી, ગુરદાસપુર, લુધિયાણા, પટિયાલા, સંગરુર અને જલંધરમાં તેમના 8 પરિસર પર દરોડા પાડી લેપટોપ, મોબાઇલ ફોન અને દસ્તાવેજો જેવા ગુનાહિત પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા.

સત્તાવાર સૂત્રોને ટાંકીને અમારા જલંધર સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે બે જાહેર સેવકો, વચેટિયાઓ અને સહયોગીઓ, OSD ખુમાન, ભાઈઓ નીતિન ગોહલ અને જિતિન ગોહલ, રોમી રાજા મહાજન, બીર દેવિન્દર, આર.એસ. નાગરા સહિત 6 વ્યક્તિઓને ઝડપી લેવામાં આવ્યા છે. અને કેટલાક વધુ અજાણ્યા સરકારી કર્મચારીઓ અને ખાનગી વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# UKRAINE DRONE- INDIA CREW

રશિયાના દક્ષિણ કિનારા પર એક તેલ ટેન્કર પર યુક્રેનિયન ડ્રોન હુમલો થયો હતો, જેમાં 23 ભારતીય ક્રૂ સભ્યો જોખમમાં મુકાયા હતા, પરંતુ તે તમામને બચાવી લેવામાં આવ્યા છે.

રશિયાના પરિવહન મંત્રાલયે જણાવ્યું હતું કે, નૌકાદળના ડ્રોનથી ટકરાયા બાદ લાઇબેરિયન ધ્વજવાળા ટેન્કરમાં આગ લાગી હતી, મંત્રાલયે જણાવ્યું હતું કે ફાયર ફાઇટર આગની તીવ્રતા ઓછી થયા પછી તેને ઓલવવાનો પ્રયાસ કરશે. તેણે કહ્યું હતું કે હુમલા બાદ તમામ 23 ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના સોચી નજીક બની હતી. તાજેતરના દિવસોમાં રશિયાએ રોમાનિયાના કિનારા નજીક યુક્રેનિયન માલ વહન કરતા અનાજના જહાજો પર પણ હુમલો કર્યો છે.